# નશાબંધી ધારા સુધારા વિધેયકને રાજ્યપાલની લીલીઝંડી

## કોઇપણ પ્રકારનો નશો સમાજિક તંદુરસ્તીને હણે છે : વ્યસન મુક્ત સમાજના નિર્માણમાં ગુજરાતે નક્કર પગલું લીધું છે : ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા

અમદાવાદ, તા.૧૮

ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાત નશાબંધી ધારાની જોગવાઈઓમાં રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ અસરકારક સુધારા વધારાને સામાજિક તંદુરસ્તીને સુદ્રઢ કરનારા ગણાવ્યા હતા તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીના કર્મઠ નેતૃત્વની આ રાજય સરકારે વ્યક્તિગત, સામાજિક આર્થિક અને નૈતિક પતન કરનારા દારૂના દુષણથી સમાજની તંદુરસ્તીને હણનારાઓ સામે રાજય સરકાર દ્વારા કડક હાથે કામ લેવા માટે દ્રઢ નિર્ધાર કરીને ગુજરાત નશાબંધી ધારાને વધુ અસરકારક બનાવવા વધુ મજબુત બનાવવા માટે આ સુધારા વિધયેકને ગુજરાત વિધાનસભા ખાતે મંજુર કરી રાજયપાલને મોકલી આપવામાં આવ્યું હતું.

રાજય સરકારની નશાબંધીના અમલની દ્રઢ ઈચ્છા શકિતને સમર્થન આપતા રાજયપાલએ આ વિધયેકને મંજુરીની મહોર મારી છે. રાજય સરકારે ગુજરાત નશાબંધી ધારાને અસરકારક બનાવવા જે સુધારા કર્યા છે તેની વિગતો આપતા મંત્રી જાડેજાએ જણાવ્યું હતું કે, દારૂના ખરીદ વેચાણ હેરફેર કરવામાં કિસ્સાની કલમમાં સુધારો કરીને હાલની જોગવાઈમાં ફેરફાર કરીને સજામાં ૩ વર્ષ સુધીની કેદ તેમજ દંડની જોગવાઈમાં ફેરફાર કરીને સજામાં ૧૦ વર્ષ સુધીની કેદ અને રૂપિયા પાંચ લાખ સુધીના દંડની જોગવાઈઓ કરવામાં આવેલ છે. ગુજરાતમાં ક્યાંય પણ દારૂના અડ્ડા ચાલતા હશે ત્યાં દારૂબંધીનો અમલ કરાવવા દારૂના અડ્ડાના સંચાલકો કે તેને મદદગારી કરનારને પણ વધુમાં વધુ સજાની જોગવાઈ કરી કલમ ૬૮ના સુધારા અનુસાર ૧૦ વર્ષ સુધીની કેદ અને ૧ લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

દારૂપીને દંગલ કરનાર લોકો સામે પણ રાજય સરકારે લાલ આંખ કરીશે તેની વિગતો આપતા મંત્રી જાડેજાએ જણાવ્યું હતું કે, કોઈ વ્યક્તિ દારૂ પીને ઉપદ્રવ કરે, ઝઘડો કરે, અસભ્ય ભાષા બોલે, તેવા કિસ્સામાં ૧થી ૩ માસની કેદ અને ૨૦૦ થી ૫૦૦ના દંડની જુની જોગવાઈને બદલે ૩ વર્ષની કેદ પરંતુ ૧ વર્ષ કરતા ઓછી નહીં. તેવી સજા અને દંડ અથવા બન્ને શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે. કેટલાક ગુનેગારોની નાસી જવામાં મદદગારી કરનારા અધિકારી કે અન્યો સામે ૭ વર્ષ સુધીની કેદ અને ૧ લાખ સુધીનો દંડ નક્કી કરાયો છે. મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે, અધિકૃત વ્યક્તિની ફરજમાં અડચણ કરવા કે તેવોની ઉપર હુમલા બદલ ૫ વર્ષ સુધીની કેદ અને ન્યુનત્તમ ૫ લાખના દંડની જોગવાઈનો ઉમેરો પણ કરાયો છે. મંત્રીએ જણાવ્યં કે, ગુજરાત રાજય પૂજય મહાત્મા ગાંધીજીના આદર્શોને ચરિતાર્થ કરનારુ રાજય છે. દારૂબંધી રાજયના સ્થાપના કાળથી અમલમાં છે. ત્યારે દારૂના દુષણથી સમાજના આર્થિક, સામાજિક અને નૈતિક પતનને અટકાવવા રાજયના મુખ્યમંત્રીએ દારૂના દુષણને કડક હાથે ડામવા દ્રઢ નિર્ધાર કર્યો છે અને તેને ચરિતાર્થ કરવા આ કાયદામાં સુધારા વધારા કરવામાં આવ્યા છે.



### એસ.જી. અંગ્રેજી માધ્યમ શાળા દ્વારા આઈ.ક્યૂ.એ.સી. પ્રોગ્રામની રજૂઆત

ગાંધીનગરની એસ.જી. પ્રાથમિક શાળા દ્વારા તા. ૧૬-૩-૨૦૧૭ને ગુરુવારના રોજ એલડીઆરપી યુનિ.માં આઈ.કયૂ.એ.સી. કાર્યક્રમ અંતર્ગત શાળાની આંતરિક ગુણવત્તા જાળવણી અને સુધારણા માટે શાળાના છેલ્લા ત્રણ વર્ષના અભ્યાસલક્ષી, ઈતર પ્રવૃત્તિઓનું તેમજ શાળાની ઉન્નતિ માટેના બહુમુખી વિકાસ અંગે ઉચ્ચકોટિના માપદંડ સાથે સંસ્થાના ચેરમેનશ્રી, વાલી મંડળ સમક્ષ શાળાના આચાર્યા મિલી મેડમ દ્વારા પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.

## સિધ્ધાર્થ લૉ કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ સ્થિત સિધ્ધાર્થ લો કોલેજનો ૨૭માં વાર્ષિકોત્સવની સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. વાર્ષિકોત્સવમાં કોલેજના ૭૦ થી વધુ વિદ્યાર્થીઓએ વિવિધ ૨૦ કૃતિઓ રજુ કરી હતી. આ પ્રસંગે કોલેજના વિદ્યાર્થી ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર સાંસ્કૃતિક કાર્યક્રમની મોજ માણી હતી.

ડો. બી. આર. આંબેડકર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સિધ્ધાર્થ લો કોલેજના ૨૭માં વાર્ષિકોત્સવ પ્રસંગે આમંત્રિત મહેમાન ગાંધીનગર શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કરણસિંહ વાઘેલા (મેમ્બર બાર કાઉન્સીલ ઓફ ગુજરાત), રણધીરસિંહ વાઘેલા ( પ્રમુખ ગાંધીનગર બાર એસોસિએશન), શંકરસિંહ એસ.ગોહિલ તેમજ કોલેજના પ્રિન્સીપાલ ડો. દિલિપ મેવાડાના હસ્તે દિપ-પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ કોલજ પરિવાર તરફથી મહેમાનોનું બુકે આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લો કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ કોલેજના વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક કાર્યક્રમની શરુઆત થઈ હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ફિલ્મી ગીત-સંગીત, નાટક, માઈમ, હાસ્યરસ, ડાન્સ, સહિતની કૃતિઓ રજુ કરી હતી. પોતાના સાથી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. સવારથી શરુ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ બપોર પૂર્ણ થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહેમાનોનો કોલેજના પ્રિન્સીપાલ ડો. દિલિપ મેવાડાએ આભાર વ્યકત કર્યો હતો.

## પ્રાથમિક શાળા ખાતે ટેલી કોન્ફરન્સ દ્વારા એસ.એમ.સી. સભ્યોને માર્ગદર્શન

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સૌ ભણે સૌ આગળ વધે તથા શાળારૂપી



ઈમારતને મજબૂત બનાવવા હેતુસર શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોના કાર્યો અને ફરજો અંગે તા. ૧૭મી માર્ચ 'વંદે ગુજરાત' ચેનલ પર જીવંત ટેલી કોન્ફરન્સનું પ્રસારણ કરાયું હતું. આ ટેલી કોન્ફરન્સ દ્વારા બાળકોની નિયમિતતા, નામાંકન, કન્યા કેળવણી, વાલીની જાગ્રતતા, ટ્રાન્સપોર્ટેશન સુવિધા, બાળકોની ગેરહાજરી, શાળા સમિતિ, આધારકાર્ડ, વાલીની મુલાકાતો, સરકારી યોજનાનો લાભ, સ્થળાંતર પરિવારોના બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા, કન્યા હોસ્ટેલ, ગુણોત્સવ, પ્રવેશોત્સવ, આઈટીઈ ૨૦૦૯ હેઠળ ધો-૧માં પ્રવેશ પ્રક્રિયા વગેરે બાબતોની ચર્ચા વિચારણા રૂપે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

## પ્રાંતિજ ચિત્રિણિ નર્સિંગ કોલેજ ખાતે સંવેદના કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે સંવેદના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જ્ઞાનની સાથે વકતાઓએ






વિદ્યાર્થીઓના દિલ જીતી લીધાં હતાં. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન જૂના બાકલપુર વિસ્તારમાં આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે જાયન્ટસ ગૃપના સહયોગથી સંવેદના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કમલેશભાઈ પટેલ ગાંધીનગરવાળાને જમનાદાસભાઈ વકીલ પ્રાંતિજ વાળા બંન્નેએ વકતવ્ય આપ્યું હતું. જેમાં બન્ને વકતાઓએ વિદ્યાર્થીઓને ભણતરની સાથે જરનલ નોલેજ બાહ્ય જ્ઞાન આપી મંત્ર મુકત કરી દીધાં હતાં અને જ્ઞાનની સાથે ગાજ્ઞ પણ આપ્યું હતું.

## આ પણ વાંચીએ...

### ● આ કૂવાનુ પાણી હંમેશા રહે છે ગરમ



રાજસ્થાનના 'પાકુડ' વિસ્તારમાં એક કૂવો આસપાસના વિસ્તારમાં સુવિખ્યાત છે. આ કૂવામાં વર્ષોથી ગરમ પાણી આવે છે. પાણીની સાથે હંમેશા વરાળ પણ નીકળતી રહે છે. એવી માન્યતા છે કે આ પાણીથી નહાવાથી ચામડીના રોગો થતાં નથી. બિહાર અને પશ્ચિમ બંગાળથી પણ હજારો લોકો અહીં નહાવા માટે આવે છે.

### ● આ ગામમાં પ્લાસ્ટીકની બોટલોથી બનાવાય છે ઘર

પત્થર અને લાકડીઓ દ્વારા બનાવાયેલ ઘર તમે ઘણાં જોયા



હશે પરંતુ તમે ક્યારેય પ્લાસ્ટીકની બોટલોથી બનાવેલા ઘર જોયા છે. પનામા દેશમાં ટુંક સમયમાં પ્લાસ્ટીકની બોટલોથી બનાવેલા ઘર જોવા મળશે. અહીંના એક ગામમાં આ પ્રકારના ઘર બનાવાઈ રહ્યા છે. પાણી તથા કોલ્ડ્રીંક્સની ખાલી પ્લાસ્ટીકની બોટલોથી પર્યાવરણના નુકશાન થાય છે. આ બોટલોનો ઉપયોગ ઘર બનાવવા માટે થઈ શકે તેવો વિચાર એક વ્યક્તિને આવતા પનામાના ૮૩ એકર વિસ્તારમાં પ્લાસ્ટીકની બોટલોથી એક આખુ ગામ બનાવવાનો પ્રોજેક્ટ હાથ પર લેવાયો છે. આ ગામના દરેક ઘરમાં ૧૪ હજારથી વધુ બોટલોનો ઉપયોગ કરાશે.

### ● ૮૧ વર્ષની વૃદ્ધાએ બનાવ્યો આઈઓફ એપ

શીખવાની કોઈ ઉંમર નથી હોતી. આ વાતને જાપાનમાં રહેતી



૮૧ વર્ષિય વૃદ્ધાએ સાબિત કરી દીધી છે. ૬૦ વર્ષની ઉંમરે કોમ્પ્યુટર શીખનાર મહિલા મસાકોએ તાજેતરમાં જ એક આઈફોન એપનું નિર્માણ કર્યું છે. ૪૩ વર્ષ સુધી એક જાપાની બેંકને પોતાની સેવાઓ આપનાર મસાકોએ રીટાયર થયા બાદ કોમ્પ્યુટર શીખવામાં રસ લીધો. હવે તેઓ કોમ્પ્યુટરના ઉપયોગમાં એક્સપર્ટ થઈ ચુક્યા છે અને આઈફોન એપ બનાવી નામના મેળવી રહ્યા છે.

એક તરફ આપણે 'સ્માર્ટ ગુજરાત' સ્માર્ટ પોલીસ, સ્માર્ટ હોમગાર્ડની વાતો થઈ રહી છે. પણ આ બાહરી વ્યવસ્થા ઝાકમઝોળવાળી કરતા પહેલા અંદર'ની વ્યવસ્થા સરખી અને સંતોષકારક થવી જોઈએ. જેથી હોમગાર્ડ્સ કે પોલીસકર્મીઓનો પરિવાર પણ સુખ ચેનથી રહી શકે. એમના બાળકો પણ સારું શિક્ષણ લઈ શકે, તેઓ વૃધ્ધ માતા પિતાને, ભાઈ ભાંડુઓને સાથે રાખી શકે એટલો પગાર કરવામાં આવે તો ગુજરાત આપોઆપ સ્માર્ટ થઈ જશે. કેમ કે બહાર ખાખીની જે ધાક અને છાપ છે તે પણ આપોઆપ સુધરશે. શિક્ષકો, અધ્યાપકોને ખુબ જ સારો પગાર મળતો હોવા છતાંય તેઓ ટ્યુશન કરીને વધુ કમાઈ શકે છે પણ આ પોલીસ કે હોમગાર્ડ્સનું શું ? એમને વધુ કમાવવાનો એક જ રસ્તો છે. .. જે આપણે જાણીએ છીએ. હાલમાં ગુજરાતમાં ૪૦/૫૦ હજાર જેટલા હોમગાર્ડ્સ છે તે બધાયને કાયમી નથી કરી શકાતા તો જેઓને નોકરીમાં ૧૫/૨૦ વર્ષ થયા હોય એવા હોમગાર્ડ્સને કાયમી કરવાની ફરજ પૂરી કરી પૂણ્ય કમાવવું જોઈએ. અને બાકીના સૌનું રૂ/- ૨૦૪ ને બદલે બધા રાજ્યો કરતા વધુ રૂ/- ૫૦૪ ભથ્થું અને રૂ/- ૨૫૦/- ડી.એ. કરીને એમના દરેક ઘરમાં એક બાળક શિક્ષિત થાય એવો દીવડો પ્રગટાવવામાં આવશે તો એક માનવતાનું ખુબ મોટું કાર્ય થયું લેખાશે.

- 9426060601.india@gmail.com

### યુપીમાં યોગી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રી બનાવવા માટેના પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ સફળતા મળી ન હતી. રાજનાથસિંહ રેસમાંથી દૂર થઈ ગયા બાદ છેલ્લા બે દિવસથી ગાઝીપુરમાંથી સાંસદ મનોજ સિંહાના નામ ઉપર ચર્ચા ચાલી રહી હતી. આજે સવારથી જ ઘટનાક્રમનો દોર રહ્યો હતો. મનોજ સિંહા સવારે દર્શન કરવા માટે કાલ ભેરવ મંદિરમાં પહોંચ્યા હતા. જ્યાં સિંહાએ ચૌસઠ જોગિની અને નવ ગ્રહ પુજનનુ આયોજન કર્યુ હતુ. ત્યારબાદ તેઓ વિશ્વનાથ મંદિર અને સકંટમોચન મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતા. જેથી તેના નામ ઉપર ચર્ચા તીવ્ર બની હતી. યુપીમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ઈતિહાસ રચીને અભૂતપૂર્વ સફળતા મેળવી હતી. ઉત્તરપ્રદેશમાં ભાજપે ૪૦૩ બેઠકો પૈકી ૩૧૨ સીટ જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો.જ્યારે તેમના સાથી પક્ષોની ૧૩ સીટ પર જીત થઈ હતી. કુલ ૩૨૫ બેઠકો મળી હતી. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી હાલમાં ખુબ ખરાબ છે. ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રીની પસંદગી ભાજપ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે આ વ્યક્તિ જ મહત્વપૂર્ણ ગણાતા રાજ્યમાં ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં પાર્ટીને આગળ લઈ જશે. ઉત્તરપ્રદેશમાં હાલમાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપને પછાત જાતિ, બિન યાદવ ઓબીસી અને બિનજાટ દલિત મત મળ્યા હતા. આવી સ્થિતિમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે ખુબ જ ગંભીરતાપૂર્વક વિચારણા ચાલી રહી હતી.

### ચેકપોસ્ટ નાબુદી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કારણે રોકવામાં આવતી ટ્રકની સંખ્યા એક ટકા કરતા પણ ઓછી હોય છે. એક અન્ય કંપનીના અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ટ્રકના ચેકપોસ્ટ પર ખરાબ થઈ રહેલા સમયના કારણે હાલત કફોડી બને છે. કુલ સફર સમય પૈકી ૧૦ ટકા સમય ખરાબ થાય છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન અને હરિયાણા જેવા રાજ્યોમાં સરહદ ચેક પોસ્ટ પર ચેકિંગના બદલે ફ્લાઈંગ સ્કોડ દ્વારા ચેકિંગની નીતી અમલી કરવામાં આવી ચુકી છે. જાણકાર લોકોના કહેવા મુજબ આના કારણે ચેકપોસ્ટ પર ખરાબ થનાર સમયમાં ખુબ ઘટાડો થયો છે. આ પ્રક્રિયાને ધ્યાનમાં લઈને જીએસટી કાઉન્સિલ ટાસ્ક ફોર્સ બનાવવા પર વિચારણા કરે છે. ટુંક સમયમાં જ અંતિમ નિર્ણય કરાશે.

જો આ માંગણી સ્વિકારવામાં આવશે તો ટ્રક ચાલકો અને ટ્રકના માલિકોને ફાયદો થશે. તેમનો સમય બચશે. ઉપરાંત એક રાજ્યથી બીજા રાજ્યમાં ટ્રકો પહોંચવામાં સમય ઘટી જશે. જીવનજરૂરી ચીજવસ્તુઓનો બગાડ ઓછો થશે. અર્થવ્યવસ્થા પર ચીજવસ્તુ મોડેથી પહોંચવાના લીધે થતાં નુકસાનથી બચી શકાશે. આ હિલચાલ ઉપર છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે. આની નોંધ જીએસટી બિલમાં પણ લેવામાં આવી છે. હવે અંતિમ નિર્ણય ટૂંક સમયમાં લેવામાં આવશે અને આની જાહેરાત કરવામાં આવશે. આની રાહ જોવાઈ રહી છે.

### જીત્યા હતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરાખંડના ગડવાલ પોરી પંચુરમાં તેમનો જન્મ થયો હતો. યોગી આદિત્યનાથ મૂળભૂતરીતે રાજપૂત પરિવારના છે. એચએનબી ગડવાલ યુનિવર્સિટી, શ્રીનગરમાંથી સાયન્સમાં બેચલરની ડિગ્રી મેળવી હતી. ૧૨મી લોકસભાના સૌથી યુવા ચહેરા તરીકે આદિત્યનાથ રહ્યા હતા. ૧૯૯૮, ૧૯૯૯, ૨૦૦૪, ૨૦૦૯, ૨૦૧૪ની ચૂંટણીમાં લોકસભા માટે ગોરખપુરથી ચૂંટાઈ આવ્યા હતા. ગોરખનાથ મંદિરમાં પૂર્વ હિન્દુ મહાસભાના પ્રમુખ મહંત અવૈદ્યનાથના પૂર્વગામી તરીકે તેઓ રહ્યા છે.

### રાંચી ટેસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રથમ દિવસે જ ઓસ્ટ્રેલિયા સ્ટાર બેટ્સમેન અને કેપ્ટન સ્ટીવ સ્મીથે ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૦૦ રન પુરા કરી લીધા હતા. સ્ટીવ સ્મીથે ૯૭ ઈનીંગ્સમાં પાંચ હજાર રન પુરા કર્યા હતા. સૌથી ઝડપથી ટેસ્ટ ક્રિકેટમાં પાંચ હજાર રન પુરા કરનાર ખેલાડીની યાદીમાં તે સાતમાં ક્રમાંકે પહોંચી ગયો હતો. હજુ સુધીની બે ટેસ્ટ મેચોની શ્રેણીમાં કેટલાક બેટ્સમેનો ફલોપ રહ્યા છે. વિરાટ કોહલી માટે આ શ્રેણી બેટીંગની દ્રષ્ટીએ હજુ સુધી સારી રહી નથી. બેંગલોરમાં તે ફાઈટ બેટમાં સફળ રહ્યો હતો પરંતુ બેટીંગમાં ફલોપ રહ્યો છે. તેની બેટીંગ આ શ્રેણીમાં ખૂબ જ નિરાશાજનક રહી છે. વિરાટ કોહલીએ આ શ્રેણીમાં ક્રમશઃ ૦, ૧૩, ૧૨ અને ૧૫ રન બનાવ્યા છે. ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં તેનો કંગાળ દેખાવ જારી રહ્યો છે. વિરાટ કોહલી ફરી એકવાર ફલોપ રહ્યો હતો તે આજે માત્ર ૬ રન બનાવીને આઉટ થયો હતો. વિરાટ કોહલીના ખરાબ ફોર્મના કારણે ટીમ મેનેજમેન્ટમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. આ ટેસ્ટ મેચમાં કેટલાક નવા ઈતિહાસ સર્જાઈ ચુક્યા છે. ઓસ્ટ્રેલિયા ભારત સામે આ ટેસ્ટ મેચ રમીને નવી સિદ્ધિ મેળવી ચુક્યું છે. તેની ટેસ્ટ ક્રિકેટમાં આ ૮૦૦મી ટેસ્ટ મેચ છે. જ્યારે રાંચી ભારતમાં ટેસ્ટ મેચનું આયોજન કરનાર ૨૬મું સ્થળ બની ગયુ છે. અત્રે નોંધનીય છે કે બેંગ્લોરના ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ભારતે ચમત્કાર અને ઈતિહાસ સર્જીને બીજી ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયા પર ૭૫ રનથી જીતી લીધી હતી. આની સાથે જ ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં ૧-૧થી બરોબરી કરી હતી. જીતવાના ૧૮૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમ માત્ર ૩૫.૪ ઓવરમાં ૧૧૨ રન કરીને આઉટ થઈ હતી. તે પહેલા ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ટેસ્ટમાં જીત મેળવી હતી.

### પાકની કસ્ટડીમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંકેત આપ્યો હતો. સુષ્માએ કહ્યું છે કે, બંને મૌલવીઓને લઈને વિગત સપાટી ઉપર આવી છે. વિદેશમંત્રીએ કહ્યું છે કે, પાકિસ્તાન સ્થિત ભારતીય દૂતાવાસ પાસે આ અંગે માહિતી નથી. ભારતીય દૂતાવાસ સાથે વાતચીત નહીં કરવા માટે દબાણ લાવવામાં આવી રહ્યું છે. ભારતે બંને મૌલવીઓના લાપત્તા થવાને લઈને મુદ્દો ઉઠાવ્યો છે. સુષ્માએ કહ્યું છે કે, વિદેશમંત્રાલયે કરાંચીમાં બંને મૌલવીઓની મહેમાનગતિ કરનાર લોકોનો સંપર્ક કર્યો છે. આશીફ નિઝામી અને નિજામ નિઝામી આઠમી માર્ચના દિવસે કરાંચી વિમાની મથકે પહોંચ્યા હતા. ત્યાંથી તેઓ દાતા દરબાર દરગાહમાં જવા માટે લાહોર પહોંચ્યા હતા. હઝરત નિઝામુદીન દરગાહ સાથે દાતા દરબારના સંબંધ છે.

### સોલાર એનર્જી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ જેડા દ્વારા સે-૧૨ આંબેડકર હોલ ખાતે સોલાર રૂફટોપ સંદર્ભે જાગૃતિ કેળવવા માટે એક સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે કેન્દ્રીય સચિવ ,રાજીવકપુર ,અધિક મુખ્ય સચિવ સુજીત ગુલાટી મેયર પ્રવિણ પટેલ, જેડાના ચેરમેન જેડાના મેનેજીંગ ડાયરેક્ટર, આઈ એમ ભાવસાર જે ટી અખાણી, નાયબ મુખ્ય કમિશ્નર જે બી બારૈયા તેમજ પ્રોજેક્ટ ડાયરેકટર પ્રણવ મહેતાના હસ્તે દિપ પ્રાગ્ટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામા આવી હતી. સ્લાઈડ શો અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી સોલાર એનર્જી અંગે વિસ્તૃત ખ્યાલ આપી નાગરિકાને માહીતગાર કરાયા હતા. આ તબક્કે જેડા દ્વારા વિષયને ધ્યાને લઈ એક ફિલ્મનુ પણ નિદર્શન કરાયુ હતુ.

સોલાર એનર્જી જનજાગૃતિ સેમિનારમાં ઉપસ્થિત કેન્દ્રીય સચિવ રાજીવકપુરે જણાંવ્યુ હતુ કે આપણે આવનારી પેઢીની ચિંતા કરી સોલાર એનર્જીને અપનાવી લેવા જણાંવ્યુ હતુ. આ પ્રસંગે ગાંધીગનરના મેયર પ્રવિણ પટેલે જણાંવ્યુ હતુ કે ગ્લોબલ વાર્મિંગના આક્રમણ વચ્ચે સોલાર સિસ્ટમ આર્શીવાદરૂપ પુરવાર થશે. જયારે વિજળી પણ આપણે જ ઉત્પન્ન કરવી પડશે. વિશ્વ સાથે કદમ મિલાવવા સોલાર એનર્જીનો મહત્તમ ઉપયોગ કરવો અનિવાર્ય છે. પાટનગરમાં શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર અજવાળુ પાથરવા એલ ઈ ડી લાઈટના પ્રોજેકટ અમલી બનાવાયો છે. જયારે એલ ઈ ડી દ્વારા નોંધપાત્ર વિજબચત થાય છે. પ્રણવ મહેતાએ પણ દેશમાં ઘરે ઘરે સૌર ઉર્જા અપનાવી વિજળી બચાવવા કુદરતી સ્ત્રોત્રનો ઉપયોગ કરવા જણાંવ્યુ હતુ.

### ઉજ્જવળ તક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ ચર્ચા થઈ હતી. તેમણે ટેક્સટાઈલ,કૃષિ અને ડિજીટલ સેકટરમાં સંભવિત વિકાસના અવસરો અંગે ચર્ચા કરી હતી. દુબઈ ચેમ્બરના પ્રેસિડન્ટ હમદે ગાંધીનગરમાં ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોર્મસ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના દળને સંબોધિક કરતા જણાંવ્યુ હતુ કે ભારત દુનિયાભરમાં મહત્વપુર્ણ સ્થાનો પર અમારા બિઝનેસના વિસ્તારની કાર્યયોજના માટે એક વાજબી અને મહત્વનપુર્ણ બજાર છે. તેમણે જણાંવ્યુ હતુ કે ગુજરાતમાં સહયોગ માટે અનેક અવસરો છે. જેમાં વેપારની દ્રષ્ટિએ ટેક્સટાઈલ, કૃષિ,ડિજીટલ,ફાર્માસ્યુટિકલ ,ફાઈનાન્સ ઉપયોગી સેકટર છે. ગુજરાત ટેકસટાઈલ ઉદ્યોગનુ મુખ્ય કેન્દ્ર છે. વર્ષ ૨૦૧૯ થી શરૂ થનારા દુબઈ ટેકસટાઈલ મોલ ગુજરાતી ટેકસટાઈલ કંપનીઓને મિડલ ઈસ્ટ આફ્રિકા તથા અન્ય દેશોમાં દુબઈ કેન્દ્ર બનાવી આગળ વધવાની તક પુરી પાડશે. જયારે આ તબક્કે ગુજરાતમાં અનાજના સંગ્રહણ માટે વેયર હાઉસ મામલે પણ ચર્ચા કરવામાં આવી હતી. અનાજનો બગાડ અટકાવી કારોબારની માત્રા વધારવા માટે ગુજરાતને ખેતપાકોના કારોબાર માટે દુનિયાની વિન્ડો બનાવાની દિશામાં પણ વિઝન સામેલ છે. હમદે વધુમાં જણાંવ્યુ હતુ કે નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૫ માં ખાડી દેશોમાં યાત્રા કરનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી છે. જયારે અબુધાબીના પ્રિન્સ તથા યુએઈ આમ્ડ ફોર્સેસના ડિપ્ટૂ સુપ્રીમ કમાન્ડર એચ એચ શેખ મોહમ્મદ બિન જાયેદ અલ નાહ્યાન આ વર્ષે પ્રધાનમંત્રી સાથે ગણતંત્ર દિવસની ઉજવણીમાં પણ સામેલ થયા હતા. તેમણે દુબઈ ચેમ્બરની પ્રથમ ઓફિસનો વર્ષ ૨૦૧૭ માં મુંબઈમાં શરૂ કરવામાં આવશે તેમ પણ જણાંવ્યુ હતુ.

### મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

અવસર છે. અને વળી વર્ષ – ૨૦૧૭માં ચૂંટણી પણ આવી રહી છે. આ ૪૦/૫૦ હજાર પરિવારો ૪૦/૫૦ લાખ મતો પણ અપાવી શકે છે. જેમને કોઈ જ્ઞાતિ, જાતિ કે ધર્મ નડવાનો નથી.

### રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

મુખ્ય છે તો હેલ્થી ખોરાકને બદલે જંક ફૂડ ખાવું અને એય ને સોફા પર પહોળા થઈને ટીવી જોયા કરવાને દોષ દઈ શકાય..! ભારતમાં મહજ ૧૦% જેટલા લોકો જ કસરતને મહત્વ આપે છે. એ સિવાય શહેરીકરણ, શ્રમનો અભાવ, બેઠાડું જીવન, પોષણ વગરનું ફૂડ જેવા અનેકો કારણોની સાથે સાથે મોબાઈલનું વળગણ પણ હવે એક લેટેસ્ટ કારણ છે.

યુનીવર્સીટી કોલેજ લંડનના સર્વે – રીસર્ચ મુજબ સ્ટ્રેસ અને ડીપ્રેશન પણ સ્થૂળતાનું એક અહમ રીઝન છે તો ઘણાને સ્થૂળતા વારસાગત પણ મળેલી હોય છે. સ્ત્રીઓમાં ઉમરને લીધે ડીલેવરી જેવા તબક્કે અને હાર્મોન ચેન્જીસ પણ સ્થૂળતા લાવે છે. તમે કેટલા જાડા કે સ્થૂળ છો એના માટે બોડી માસ ઈન્ડેક્ષની મદદ લઈ શકાય. તમારી લંબાઈને (મીટરમાં) એ જ આંકડાથી ગુણીને પછી એને તમારા વજનથી ભાગી જુઓ. એ તમારો બોડી માસ ઈન્ડેક્ષ આવશે. જો એ ૧૮.૫૦ થી ઓછો છે તો આપ અન્ડરવેઈટ છો અને જો એ ૩૦થી વધુ છે તો આપ જાડા-મોટા છો..! એ જ રીતે કમરનો ઘેરાવો પુરુષો માટે ૯૪ અને સ્ત્રીઓ માટે ૮૮ સેન્ટીમીટરથી વધુ નીકળે તો બધું પડતું મુકીને માંડો કસરત કરવા અને હેલ્થી ખોરાક લેવા કેમકે આપ મોટાપા કી સીમારેખા કો પાર કર ગયે હો...! આમ તો જૈસી જિસકી સોચ એ મુજબ મોટાપા ઓછો કરવાના ઘણા તરીકા છે જ જેમકે દરરોજ કસરત કરો – વોકિંગ કરો, એકસાથે ભરપેટ જમવાને બદલે દિવસમાં ૬-૭ વાર કટકે કટકે જમો અને એમાં પણ જ્યુસ, ફળ અને લીલા શાકભાજી વધુ ગ્રહણ કરો, વધુ સ્વસ્થ રહેવું હોય તો ખોરાક બાબતે અને બીજી બીમારીઓની સ્થિતિ વિષે નિયમિત ચેકઅપ કરાવો, તળેલા પદાર્થો પર ઝાપટી પડો નહિ, ડીનર હળવું પણ બ્રેકફાસ્ટ હેવી કરો, બને એટલા સોફ્ટ ડ્રીંક કે જેમાં કાર્બોહાઈડ્રેટ વધુ હોય છે એને ટાળો....વગેરે વગેરે...! પણ હા 'સ્થૂળતા' એ 'સેહત ની નિશાની' છે એવું હરગીઝ માનશો નહિ, નહીતર હો શકતા હૈ આપ બીમારીઓ મેં ફસ જાયે...!